# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-10-2024** **MIDDAY : 2.30 to 2.35**
**Day: WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# DIWALI ADVANCE SALARY

દિવાળીના તહેવારોને અનુલક્ષીને રાજ્ય સરકારના કર્મચારીઓને ઑક્ટોબર માસનો પગાર અને પેન્શનની આગોતરી ચૂકવણી કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે નાણા વિભાગને આપેલા નિર્દેશ અનુસાર સરકારી કર્મચારીઓ તેમજ પેન્શનર્સને ઑક્ટોબર માસનો પગાર 23થી 25 તારીખ દરમિયાન ચૂકવવામાં આવશે.

વિવિધ કર્મચારી મંડળો, એસોસિએશન અને અગ્રણીઓ દ્વારા આ સંદર્ભે મળેલી રજૂઆતની પ્રતિસાદમાં રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે.

---------------------------------------------------------------------

- પીટીસી ગાંધીનગર, સુનિતા

-(NAVIN)

# KUTCH WORKER DEATH

કચ્છના કંડલામાં એક ખાનગી કંપનીમાં શંકાસ્પદ ગેસ ગળતર થતા પાંચ શ્રમિકોના મોત થયાના અહેવાલ છે. ઇમામી એગ્રો ટેક કંપનીમાં વહેલી સવારે ટાંકાની અંદર સફાઈ દરમિયાન ગેસ ગળતરથી રૂંધાઈ જતા કામદારોના મોત થયા હોવાનું કહેવાઈ રહ્યું છે.

કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે પાંચેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે રામબાગની સરકારી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

---

- પીટીસી કચ્છ – સુનિતા

-(NAVIN)

# GIR SAFARI

ચાર મહિનાના વેકેશન બાદ આજથી ગીર જંગલ પ્રવાસીઓ માટે ફરી ખુલ્લૂ મુકાયું છે. પ્રથમ દિવસે જ પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. આજે સવારે 6 વાગ્યે નાયબ વન સંરક્ષક મોહન રામે પ્રથમ જિપ્સીને લીલી ઝંડી આપી જંગલ સફારીનો પ્રારંભ કરાવ્યો હતો.

પત્રકારો સાથેની વાતચીતમાં મોહન રામે કહ્યું કે લગભગ દિવાળી સુધી તમામ પરમીટ બૂક થઈ ગઈ છે. આ વખતે પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને જંગલમાં સિંહ દર્શન માટે જતી તમામ જીપ્સી નવી ખરીદવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ચોમાસાના ચાર મહિના દરમિયાન પ્રજનન કાળનો સમય હોઈ વન વિભાગ દ્વારા 15 જૂનથી 15 ઑક્ટોબર દરમિયાન ગીર અભ્યારણ્ય પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવે છે.

------------------------------------------------------------------

- પીટીસી ગીર સોમનાથ – સુનિતા

-(NAVIN)

# One Important Announcement

એક અગત્યની જાહેરાત...

આકાશવાણી, અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં 23 વર્ષનાં સફળ વહીવટી કાર્યકાળ અંગે આકાશવાણી અમદાવાદના સમાચાર વાચક અનિલ પટેલે વરિષ્ઠ પત્રકાર અને રાજકીય વિશ્લેષક અજય ઉમટની લીધેલી મુલાકાત રજૂ કરવામાં આવશે. કાર્યક્રમનું પ્રસારણ આજે રાત્રે 9-15 કલાકે 846 KHW અને 96.7 FM પર કરવામાં આવશે, જેની તમામ શ્રોતાઓએ નોંધ લેવી....

અગત્યની જાહેરાત પૂરી થઈ...

---------------------------------------------------------------------

- - રિપીટ (સાંજની)

-(NAVIN)

# Somnath Laxmi Pujan

શિવભક્તો હવે ઓનલાઈન માધ્યમથી સોમનાથ મંદિર ખાતે લક્ષ્મી પૂજનમાં જોડાઈ શકશે. 31 ઓકટોબરે, દિવાળીના દિવસે સાંજે 5:45 થી 7:00 વાગ્યા સુધી આયોજિત લક્ષ્મી પુજનમાં ભક્તો પ્રત્યક્ષ આવીને તેમજ ઓનલાઇન માધ્યમથી પણ જોડાઈ શકશે. ઓનલાઈન પૂજન નોંધાવનાર ભક્તોને પૂજા કરેલ રોજમેળ, શ્રીયંત્ર, બોલપેન, સોમનાથ મહાદેવના નમન અને ભસ્મ, રુદ્રાક્ષ પ્રસાદ તરીકે તેમણે નોંધાવેલા એડ્રેસ પર મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ માટે 1500 રૂપિયાની ન્યોછાવર કિંમત રાખવામાં આવી છે. ભક્તો પૂજા ટ્રસ્ટની સત્તાવાર વેબસાઈટ somnath.org પરથી, મંદિરના પૂજાવિધિ કાઉન્ટર પરથી, અથવા QR કોડ દ્વારા નોંધાવી શકશે. પ્રત્યક્ષ લક્ષ્મી પૂજન તેમજ વર્ચ્યુઅલ પૂજા માટે મર્યાદિત સ્લોટ્સ હોવાથી અગાઉથી નોંધણી કરવી જરૂરી છે.

--------------------------------------------------------------------

- -હિન્દુસ્તાન સમાચાર અનિલ

-(NAVIN)

# Vikas Saptah

ગઈ કાલે રાજ્યમાં વિકાસ સપ્તાહનાં અંતિમ દિવસે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. ભુજમાં સ્મૃતિવન ખાતે આયોજીત કાર્યક્રમમાં વિવિધ રાજકીય અગ્રણીઓં હસ્તે કચ્છમાં ૧૬ કરોડ ૭૪ લાખ રૂપિયાના ૩૩૪ કામોનું ઇ-ખાતમુહૂર્ત તથા ૪૧ કરોડ ૯૭ લાખ રૂપિયાના ૧૨૨ કામોનું ઇ-લોકાર્પણ કરાયું હતું.

**ડાંગ જિલ્લામાં "વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત ગઇ કાલે ડાંગ જિલ્લા પંચાયતના ખેતીવાડી વિભાગ તેમજ આત્મા વિભાગ દ્વારા વઘઇ તાલુકાના રંભાસ ખાતે પાક પધ્ધતિ વિષયક ખેડુત તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આત્મા તેમજ ખેતીવાડી વિભાગના અધિકારીઓ દ્વારા ખેતી પધ્ધતિઓની માહિતી તેમજ ખેતીને લગતી યોજનાકીય માહિતી આપવામાં આવી હતી.**

**અમારા અરવલ્લી જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, મોડાસાના મહાલક્ષ્મી ટાઉનહોલ ખાતે આયોજિત કાર્યક્રમમાં, નગરજનોએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસંગે રાજ્ય કક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી ભીખુસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.**

--------------------------------------------------------------------

- ભુજ માહીતી ખાતુ, પીટીસી ડાંગ, અરવલ્લી અનિલ

-(NAVIN)

# GUJ WEATHER

હવામાન વિભાગે રાજ્યમાં ગરમી વધવાની શક્યતા વ્યક્ત કરી છે. આગામી ચારથી પાંચ દિવસ સુધી રાજ્યમાં સરેરાશ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધારો થઈ શકે છે.

દરમિયાન ઉત્તર ગુજરાત પંચમહાલ, દાહોદ તેમજ દક્ષિણ ગુજરાતમાં વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ તેમજ દાદરાનગર હવેલીના અંતરિયાળ ભાગોમાં છૂટોછવાયો વરસાદ વરસી શકે છે.

આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં રાજકોટ, જુનાગઢ, અમરેલી, ગીર, સોમનાથ, તેમજ કચ્છ અને દીવમાં ક્યાંક ક્યાંક વરાસાદી ઝાપટાં પ઼ડી શકે છે. રાજ્યના અન્ય ભાગોમાં તાપમાન સૂકું રહેશે.

---------------------------------------------------------------------

- વેધર સાઇટ - સુનિતા

-(NAVIN)

# VP VISIT

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરાનગર હવેલી અને દમણ – દીવના ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓએ આજે ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સાથે નવી દિલ્હીમાં મુલાકાત કરી હતી. થોડા સમય પહેલા દમણની યાત્રાએ આવેલા ઉપરાષ્ટ્રપતિએ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને દિલ્હીમાં સંસદ ભવનની મુલાકાત માટે આમંત્રણ આપ્યું હતું.

------------------------------------------------------------------------

- પીટીસી દીવ દમણ – સુનિતા

-(NAVIN)

# Mahesana - Award to farmers

મહેસાણા જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા આ વર્ષે પ્રથમ વખત નાના ખેડૂતોને પ્રોત્સાહિત કરવા ખેડૂત સન્માન કાર્યક્રમનું આયોજન કરાયું છે.

આ માટે વિભાગની 10 ટીમો ગામે ગામ જઈ પ્રાકૃતિક ખેતી ઉપરાંત ઓછા ખર્ચે વધુ નફો મેળવતા અને પાણીની બચત કરતાં હોય તેવા ખેડૂતોને શોધી રહી છે. જેમાંથી 10 ખેડૂતોને શોધીને 20 હજાર રૂપિયાના એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવશે. આ બધો ખર્ચ જિલ્લા પંચાયતના સ્વભંડોળ માંથી કરાશે.

---

- જયંતિ. ચૌધરી. મહેસાણા...સોનલ

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................